# સેક્ટર-૨૪, ૨૫ અને ૨૭માં પ્રેસરથી પાણી આપવા માંગ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં જુના સેક્ટરોમાં પાણીનો ફોર્સ ઘણો જ ઓછો આવતો હોવાનું સેક્ટરવાસીઓની બુમાબુમ થવા પામી છે. સેક્ટર-૨૫, ૨૭, ૨૪ માં પાણી કીચન સુધી પણ આવી શકતુ નથી અને જુના સેક્ટરોમાં આ પ્રશ્ન ઘણા સમયથી ચાલી રહ્યો છે. છતા પણ આનો કોઈ નિકાલ આવતો નથી. ચરેડીમાં જે નવી ટાંકી બની ગયેલ છે તેનું તાત્કાલિક ઉદ્દ્ઘાટન કરી ચાલુ કરવા માંગ ઉઠી છે. આ પ્રશ્નનો કાયમી ઉકેલ આવે તેવી માગ રાજધાની વસાહત મંડળના પ્રમુખ રજુજી ગોલની અખબારી યાદીમાં જણાવ્યું છે.



## આદર્શ નિવાસી શાળા નાંદોલના વિદ્યાર્થીની રાજયકક્ષાએ પસંદગી

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત રાજય સરકાર દ્વારા આયોજીત ખેલ મહાકુંભ-૨૦૧૨ અંતર્ગત જિલ્લા કક્ષાની કુસ્તીની સ્પર્ધા ગત રોજ રમતગમત પ્રશિક્ષણ કેન્દ્ર ગાંધીનગર સેકટર-૨૧ ખાતે યોજાઈ ગઈ. જેમાં આદર્શ નિવાસી શાળા નાંદોલના ૩૫ કિલોગ્રામ વજન ગૃપમાં પ્રથમ અને તૃતીય ક્રમે વિજેતા બનેલ રેજાવિયા હિતેષ આગામી રાજય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે નડિયાદ મુકામે જશે. સ્પર્ધકોને શાળાના આચાર્ય બી.એસ. બારૈયા તેમજ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

# ગાંધીનગરમાં બે વિવિધ માર્ગ અકસ્માતોમાં બેનાં મૃત્યુ

**લવારપુર પાટીયા પાસે ઓવરટેક કરવા જતાં ટ્રક પાછળ આઈશર ઘુસી જતા કલીનરનું મોત : પુન્દ્રાસણ-ઉવારસદ માર્ગ પર એકટીવાનું ટાયર નીકળી જતા આધેડ મોતને ભેટયો**

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લામાં વધુ બે માર્ગ અકસ્માતના બનેલા બનાવોમાં બે વ્યકિતઓ મોતને ભેટયા છે. લવારપુર પાટીયા પાસે ઓવરટેક કરતી વખતે આગળ જતી ટ્રકમાં આઈશર ઘુસી જતાં કલીનરનું મોત થયું હતું તે ઉપરાંત બીજા માર્ગ અકસ્માતમાં પુન્દ્રાસણ-ઉવારસદ માર્ગ પર પસાર થઈ રહેલા ઈટર્નોનું પાછળનું ટાયર ચાલુ વાહને નીકળી જતાં પાછળ બેસેલો આધેડ ઉછળીને રસ્તા પર પટકાયો હતો જેમાં તેનું ઘટનાસ્થળે જ માથું ફાટી જતાં મૃત્યુ થવા પામ્યું હતું.

અકસ્માતના પ્રથમ કિસ્સામાં ગાંધીનગર નજીક લવારપુર પાટીયા પાસેથી પસાર થઈ રહેલી આઈશરના ચાલક ચમન શંકાભાઈ ઠાકોર રહે. ઈડર પુરપાટ ઝડપે આગળ જઈ રહેલી ટ્રકને ઓવરટેક કરવા જઈ રહ્યો હતો તે દરમિયાન તે ટ્રકની પાછળ આઈશર ઘુસી ગઈ હતી. આ અકસ્માતમાં આઈશરમાં બેસેલો ડ્રાઈવરના ભાઈ કલીનર કાંતિજી શંકાજી ઠાકોરનું મૃત્યુ નિપજયું હતું. આ બનાવ અંગે ડભોડા પોલિસે ગુનો નોંધીને તપાસ આરંભી છે. બીજા અકસ્માતમાં ચાંદખેડાના ભગવાનદાસ નરસંગજી ઠાકોર તેમના બનેવી બનાજી અજાજી ઠાકોર ઉ.વ.૪૫ને ઈટર્નોમાં બેસાડીને પુન્દ્રાસણથી ઉવારસદ જવાના રોડ પર લઈ જઈ રહ્યા હતા તે દરમિયાન દેવકૃષ્ણ ફાર્મ પાસે ઈટર્નોનું એન્જીન અચાનક લોક થઈ ગયું હતું અને ઈટર્નોનું પાછળનું ટાયર નીકળી ગયું હતું. જેને પગલે પાછળ બેસેલા બનેવી બનાજી ઉછળીને રસ્તા પર પટકાતાં તેમનું ઘટના સ્થળે જ પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. આ બનાવ અંગે પેથાપુર પોલીસે વિષ્ણુજીની ફરિયાદને આધારે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી આરંભી છે.




**સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે વાર્ષિક રમતોત્સવ યોજાયો**

ગાંધીનગર તાલુકાના કુડાસણ ગામ નજીક આવેલા સ્વામિનારાયણ ધામ સંકુલમાં આવેલી ઈન્ટરનેશનલ સ્કૂલનો સાતમો વાર્ષિક રમતોત્સવ યોજાઈ ગયો. જેમાં ૧૦૦ મીટર દોડ, ગોળા ફેંક, ચક્રફેંક, સંગીત ખુરશી અને વિશરાતી રમત એવી લીંબુ-ચમચી જેવી વિવિધ રમતોનું શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ફોગ રેસમાં વ્રજનિલેપ જોષીનો દ્વિતીય નંબર આવ્યો હતો. શાળાના ટ્રસ્ટી શૈલેષભાઈ ઠક્કર, આઈ.સી.એસ.સી. બોર્ડના આચાર્યશ્રી પરવીન મેડમ તથા ગુજરાતી માધ્યમના આચાર્યશ્રી હિતેન્દ્રસિંહ પરમારે ચિ. વ્રજ જોષીને મેડલ તથા પ્રમાણપત્ર મેળવવા બદલ અભિનંદન તથા આશિર્વાદ આપ્યા હતા. સાથોસાથ શાળાના રમતોત્સવમાં ભાગ લેનાર સર્વે બાળકોને શાળાના ટ્રસ્ટી અને આચાર્યએ ખૂબ ખૂબ અભિનંદન પાવ્યા હતા.

## ડાર્ક ફિલ્મની ઝુંબેશ યથાવત : વધુ ૭૫ કાર ડીટેઈન

જિલ્લા ટ્રાફીક પોલિસ દ્વારા શરુ કરવામાં આવેલી ડાર્ક ફિલ્મ પટ્ટી વાળી કારમાંથી ફિલ્મ પટ્ટી કાઢવાની ઝુંબેશ આજે બીજા દિવસે પણ સઘન બનાવવામાં આવી હતી. આજે ઘ-૦ સર્કલ પાસેથી પસાર થતી ડાર્ક ફિલ્મવાળી કાર પૈકી ૧૧૦ કારમાંથી ફિલ્મ પટ્ટી ઉતારાઈ હતી તે ઉપરાંત ૭૫ વાહનોને ડીટેઈન કરી વાહનચાલકો પાસેથી દંડ વસુલવામાં આવ્યો હતો. સતત બીજા દિવસે પોલીસની ચાલુ રહેલી આ ઝુંબેશથી ડાર્ક ફિલ્મપટ્ટી વાળી કારના ચાલકો-માલિકો ફફડી ઉઠયા છે અને ફિલ્મપટ્ટી ઉતારવા માટેની પણ કેટલાક લારી-ગલ્લાઓ બહાર લાઈનો જોવા મળી હતી.

## સિંધુધામમાં આજે આર્ટ ઓફ લિવિંગનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૩૦

આર્ટ ઓફ લિવિંગ પરિવાર ગાંધીનગરમાં દર ગુરૂવારે સત્સંગ યોજે છે. જે અન્વયે તા. ૩૧મી જાન્યુઆરી ગુરૂવારના રોજ સાંઈબાબા મંદિર સિંધુધામ ખાતે રાખવામાં આવેલ છે. લાલચંદભાઈ ગોવલાણીએ નિમંત્રણ પાઠવેલ છે.

## નારદીપુરમાં નૃસિંહ પ્રગટ્ય દર્શન

ગાંધીનગર, તા. ૩૦

શ્રીલંબે નારાયણ આશ્રમ નારદીપુર ખાતે કર્ણવભાઈ જોશીની વ્યાસપીઠે યોજાયેલ ભાગવત સપ્તાહમાં આજે નૃસિંહ પ્રાગટ્ય તથા ઝાંખીદર્શન યોજાશે.

## બામસેફની મીટીંગ શુક્રવારે યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

બામસેફ ગાંધીનગર જિલ્લા યુનિટની જનરલ મીટીંગ શુક્રવારે સાંજે ૬.૦૦ કલાકે ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે રાખવામાં આવેલ છે. નવા વર્ષના કારોબારીની નિમણુંક કરવામાં આવશે. નારણભાઈ વાઘેલા કન્વીનર બામ સેફ જિલ્લા યુનિટ ગાંધીનગરે જણાવેલ છે.

## સિવિલ હોસ્પિટલમાં લાયોનેસ કલબના સૌજન્યથી વૉટરકુલર

ગાંધીનગર, તા. ૩૦

લાયોનેસ કલબ ગાંધીનગરના સૌજન્યથી સ્વ. હંસાબેન નરોત્તમભાઈ વ્યાસના સ્મરણાર્થે સિવિલ હોસ્પિટલમાં રાજીવ છાજેર ડી.જી. લાયન્સ કલબ, ડૉ. બી.બી. પટેલ, સિવિલ સર્જન, ઉષાબેન ગજ્જર પ્રેસિડન્ટ લાયોનેસ કલબ, રાજુ ભાર્ગવ ડી.આઈ.જી. તથા લાયન પરિવારની હાજરીમાં દાતા ધ્યુતી વ્યાસના વરદહસ્તે શીતજળ ધારા (વૉટરકુલર)નું લોકાપર્ણ કરવામાં આવ્યું.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૬

સૂર્યાસ્ત : ૬.૨૮

## તાપમાન

મહત્તમ : ૨૮.૬ ડિ.સે.

લઘુત્તમ : ૧૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૬ ટકા ● સાંજે ૩૬ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્કીન-૧ :
રેસ-૨: ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્કીન-૨ :
રેસ-૨ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦
ઈન્કાર : ૬.૪૫
: સ્કીન-૩ :
રેસ-૨ : ૧૦.૦૦, ૯.૩૦
આકાશ વાની : ૧૨.૪૫, ૬.૦૦
મેં ક્રિશ્ના હું : ૩.૩૦
: સ્કીન-૪ :
મેં ક્રિશ્ના હું : ૩.૦૦
આકાશ વાની : ૧૨.૩૦
રેસ-૨ : ૬.૧૫, ૯.૧૫

### સિને મેક્સ

: સ્કીન-૧ :
આકાશ વાની : ૧૦.૩૦, ૬.૩૦
ઈન્કાર : ૧.૩૦
રેસ-૨ : ૯.૩૦
: સ્કીન-૨ :
રેસ-૨ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્કીન-૩ :
રેસ-૨ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્કીન-૪ :
રેસ-૨ : ૮.૦૦, ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

### સૂર્યા, વાવોલ

રેસ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઘાયલ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
રેસ-૨ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્કીન-૨ :
રેસ-૨ : ૧૧.૧૫, ૨.૧૫
મેં ક્રિશ્ના હું : ૫.૦૦, ૭.૩૦, ૧૦.૦૦
: સ્કીન-૩ :
મેં ક્રિશ્ના હું : ૧૦.૩૦
આકાશ વાની : ૧.૦૦, ૯.૪૫
રેસ-૨ : ૩.૩૦, ૬.૩૦

### ચિરાગ, કલોલ

રેસ-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : ભૂમિ- સંપત્તિના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ થવાની સંભાવનાઓ છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે. કાયદાની બાબતોમાં વિવાદોનો ઉકેલ થશે.

**વૃષભ** : અથાગ પ્રયત્નોનો ઓછા લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ રહેવાની સંભાવના છે. નવા કાર્યો, વિચાર, યોજનાઓ થઈ શકે છે. આર્થિક વિવાદોથી નુકસાન થવાની સંભાવના રહેલી છે.

**મિથુન** : ઋણથી મુક્ત થઈ શકશો. મિત્રો અને કુટુંબિજનનો સહયોગ કાર્યમાં મળી રહેશે. આર્થિક લાભની તક મળી શકશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. વાહન ચલાવચી વખતે સાચવેત રહેવું. નોકરીમાં જવાબદારીને અનુરૂપ કાર્ય કરવું.

**કર્ક** : તમારી મિલનસારીતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકશે. વ્યવસાયિક લાભ અને સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની સંભાવના છે.

**સિંહ** : મહત્વપૂર્ણ કાર્ય પર ખર્ચ થશે. લાભ મળવાના પ્રબળ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. શત્રુ, વિવાદ વગેરેમાં ખર્ચ થઈ શકે છે.

**કન્યા** : આજે આપને પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલ કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સંબંધોમાં સુધારો થશે.

**તુલા** : અધૂરા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતામાં વધારો થશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે. અને દિવસ પ્રસન્નતાથી પસાર થઈ શકશે.

**વૃશ્ચિક** : નવા સંબંધો સ્થપાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

**ધન** : યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી આવી શકે છે.

**મકર** : સામાજિક અને રાજકીય ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકે છે.

**કુંભ** : વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકશે. ગુસ્સા પર કાબુ રાખવો.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્યપૂરા થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ આપના મનને પ્રસન્નતા અને પ્રગતિમાં સહાયક બની રહેશે. વિરોધીઓ પરેશાન કરી શકે છે. સાવચેતી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. દેવજીબેન છનાભાઈ ભરવાડ (ઉ.વ. ૭૯) મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. દિવાભાઈ વેણીદાસ પટેલ (ઉ.વ. ૮૭) મુ.પો. મોટા ચિલોડા, તા., જિ. ગાંધીનગર.

## નાથીબા કોલેજનાં એન.સી.સી. કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર સેકટર-૨૩માં આવેલી ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજમાં રાષ્ટ્રીય સેવા યોજનાના એકમ દ્વારા કલોલ તાલુકાના જામળા ખાતે ગતરોજ તા. ૭ થી ૧૧ જાન્યુઆરી દરમ્યાન યોજાઈ ગયો.

આ એન.એસ.એસ. વાર્ષિક શબિરના ઉદ્દ્ઘાટન પ્રસંગે જાણળા ગ્રામ પંચાયતના સરપંચ મંગળદાસ પટેલ ઉપ સરપંચ કેશાજી ઠાકોર આસુદેવ મહાદેવ ટ્રસ્ટના પ્રમુખ પહેલાદભાઈ પટેલ મંત્રી ગીરધરભાઈ પટેલ તેમજ મહિલા કોલેજના પ્રિન્સીપાલ ડૉ. અમૃતા પરેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ હેઠળ કચરો પ્લાસ્ટિક તેમજ બાયો-મેડિકલ વેસ્ટ વિષયક ઉપર નરેશ ઠાકરે આગવી અને હળવી શેલીમાં પ્રવર્તમાન કિસ્સાઓના ઉલ્લેખ સાથે કરેલ રસપ્રદ પ્રસ્તુતિનો લાભ તમામ શિબિરાર્થીઓ તેમજ પ્રાધ્યાપકગણે માણ્યો હતો. વન્ય જીવ અને વનસ્પતિના સંરક્ષણની બાબતો અંગે એસીએફ હેમંતભાઈ સુથારે રસપ્રદ વિગતો રજુ કરી હતી. અંધશ્રદ્ધા નિવારણ અંગે પ્રયોગો નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના અનિલભાઈ પટેલ કરેલ રજુઆત ગ્રામજનોએ માણી અને વખાણી હતી. આ સમગ્ર કાર્યક્રમ સફળ કરવા માટે પ્રોફેસર ડૉ. બીન્દુબેન ભટ્ટ તેમજ બાબુભાઈ પટેલે સક્રિય ભૂમિકા ભજવી હતી. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંકલન એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર પ્રા. ભારતીબેન પ્રજાપતિએ કહ્યું હતું.

## પરપ્રાંતિય શ્રમિકોના બાળકોનો આરોગ્ય તપાસણી કેમ્પ સંપન્ન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના ઈંટોના ભઠ્ઠામાં કામ કરતાં પરપ્રાંતીય શ્રમિકો અને તેમના બાળકોની આરોગ્ય તપાસ માટે જિલ્લા સમાજ સુરક્ષા કચેરી, સર્વ શિક્ષા અભિયાન કચેરી, જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા તા. ૧૮મી જાન્યુઆરી અને ૨૫મી જાન્યુઆરી દરમિયાન આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આરોગ્ય તપાસણી કેમ્પમાં ઉવારસદના ૯૫૭ અને અડાલજના ૧૮૪૨ લાભાર્થીઓએ લાભ લીધો હતો અને નિષ્ણાંત ડોક્ટરનો દ્વારા પોતાના આરોગ્યની ચકાસણી કરાવી હતી.

જિલ્લા બાળ સુરક્ષા મંડળના પ્રમુખ અને કલેકટરના આદેશ અનુસાર ગાંધીનગર જિલ્લાના ઈંટોના ભઠ્ઠામાં કામ કરતાં પરપ્રાંતિય શ્રમિકો અને તેમના બાળકોની આરોગ્ય તપાસ માટે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની અને સર્વ શિક્ષા અભિયાનની કચેરી, સરકારી લેબર ઓફિસરની કચેરી, જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરી, સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર અને જિલ્લા બાળ સુરક્ષા એકમના સંયુકત ઉપક્રમે તાજેતરમાં ઉમિયામાતાના મંદિર પાસે, મુ. ઉવારસદ અને કુમાર શાળા, મુ. અડાલજ ખાતે આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં આરોગ્ય વિભાગના જનરલ ઓ.પી.ડી. ફિઝિશીયન, બાળ રોગ, સ્ત્રી રોગ, આંખ અને ચામડી રોગોના તબીબી નિષ્ણાંતો હાજર રહી ઉવારસદ મુકામે ૯૫૭ અને અડાલજ મુકામે ૧૮૪૨ લાભાર્થીઓની આરોગ્ય તપાસ કરતાં આંખોની બિમારી, શરદી, તાવ, ખાંસી, ચામડીના રોગો, કમરનો દુખાવો, દાંતનો દુઃખાવો, છાંતીનો દુખાવો, પેટનો દુખાવો, માથાનો દુખાવો, કરમીયા, કાનમાં રસી આવવી, બહેનો કમજોરી અને ગાયનેક તકલીફો વિગેરે બિમારી જોવા મળી હતી. જેની સારવાર માટે મેડીસીન આપવામાં આવી હતી. તથા બાળકોને બી.સી.જી., પોલીયો, હડકવાની, ઓરી-અછબડાં, હિપેટાઈટીસ અને ગર્ભવતી મહિલાઓને ટી.ટી.ની રસી આપવામાં આવી હતી.

કેમ્પમાં પ્રમુખ અને કલેક્ટર, પ્રાંત અધિકારી કલોલ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, સુપ્રિટેન્ડેન્ટ સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા આરોગ્ય અધિકારી, સરકારી લેબર ઓફિસર, જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી હાજર રહ્યા હતા. ઉવારસદના સરપંચ, અડાલજના સરપંચ, ડેપ્યુટી સરપંચ, આચાર્ય કુમાર શાળા અડાલજ, ઈંટોના ભઠ્ઠાના એસોશિએશનના પ્રમુખ અને માલિકો, એસ.એસ.એ.ના બાળમિત્રો, પ્રયાસ એન.જી.ઓ. તથા સામૂહિક આરોગ્ય કેન્દ્ર, અડાલજે આરોગ્ય કેમ્પમાં સહકારી આપ્યો હતો. પ્રમુખ અને કલેક્ટરના આદેશ અનુસાર કેમ્પનું સંચાલન જિલ્લા બાળ સુરક્ષા અધિકારીએ કર્યું હતું.

# બાહોશ બસ ચાલક મણીભાઈની સમય સૂચકતાને લીધે ૪૫ મુસાફરોના જીવ બચ્યા

**બસચાલક મણીભાઈનું બ્લડ પ્રેશર વધતા અચાનક માથા અને છાતીના ભાગે દુઃખાવો ઉપડયો આમ છતાં સભાનતા જાળવી સ્ટેરીંગ પરનો કાબુ જાળવી રાખ્યો**

ગાંધીનગર, તા.૩૦



માનવ ગમે તેવી કપરી પરિસ્થિતિમાં પણ પોતાની સૂઝબુઝ, સમય સૂચકતા અને હોંશિયારી વાપરે ત્યારે તેનું પરિણામ હંમેશા સુખદ આવે છે. તેનું ઉત્તમ ઉદાહરણ બે દિવસ અગાઉ ૫૭ વર્ષીય એસ.ટી. બસ ચાલક મણીભાઈ ચૌધરીએ રજૂ કર્યું હતું. પોતાના શરીરમાં થયેલી ગંભીર શારીરિક તકલીફ થવા છતાં પણ પોતાના જીવ સાથે આશરે ૪૫થી વધુ બસના મુસાફરોનો પણ જીવ બચાવી મોટી દુર્ઘટના થતી અટકાવી હતી.

આ સમય સૂચકતા અને અનોખી સુઝબુઝની વાત બે દિવસ અગાઉની છે. મૂળ માણસા તાલુકાના માણેકપુર ગામના ૫૭ વર્ષીય માણસા એસ.ટી. ડેપો બસના ચાલક મણીભાઈ રેવાભાઈ ચૌધરી ૧૯૯૨માં એસ.ટી. બસના ચાલક તરીકે ફરજ પર ચડયા હતા અને છેલ્લા પાંચ વર્ષથી તેઓ નિયમિત પણે માણસાથી બ્રાહ્મણવાડા વાયા અમદાવાદ વચ્ચે જીજે-૧૮-વાય-૪૨૦૦ નંબરની એસ.ટી. બસ ચલાવે છે. આ દરમિયાન ગત ૨૭મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ પોતાના નિત્યક્રમ મુજબ પોતાના ઘરેથી સવારે માણસા એસ.ટી. ડેપો પહોંચ્યા હતા અને પોતાના નક્કી કરેલા રૂટ તરફ બસમાં મુસાફરો બેસાડી નિકળ્યા હતા. દરમિયાન સવારે ૧૧.૧૫ કલાકે ઈન્દિરાબ્રિજથી કોબા સર્કલ વચ્ચે બરાબર સહારા પેટ્રોલ પંપની આગળ પહોંચતા બસ ચાલક મણિભાઈને અચાનક માથાના ભાગે તેમજ છાતીના ભાગે જોરદાર દુઃખાવો થતા આંખે અંધારા આવી ગયા હતા તેમ છતાં ૨૦૦ મીટર સુધી બસ આગળ હંકારી હતી અને બસ માર્ગમાં આમ તેમ ફંટાતા મુસાફરોને તેમને કંઈક થઈ રહ્યું છે તેમ જાણ થતા બસમાં મુસાફરી કરતા મુસાફરોના જીવ પડીકે બંધાયા હતા પરંતુ તેમ છતાં બસ ચાલક મણિભાઈએ ગમે તેવી પરિસ્થિતિમાં પણ પોતાની બસના સ્ટેરીંગ પરનો કાબુ ન ગુમાવતા તેમજ સમયસૂચકતા અને અનોખી સૂઝ વાપરી હોંશયારી સાથે હિંમત અને બાહોશતા દેખાડી મુસાફરો ભરેલી ચાલુ બસને માર્ગ પરથી સાઈડમાં કરી પોતાના જીવની સાથે સાથે તમામ મુસાફરોના જીવ પણ બચાવ્યા હતા. અને બાદમાં જાતે જ નજીકની હોસ્પિટલમાં જઈ પ્રાથમિક સારવાર લીધી પરંતુ સમય વીતતાની સાથે હાલત વધુ ગંભીર બનતા તેમણે તાત્કાલિક પોતાના પુત્ર સુરેશભાઈને ફોન કરી બોલાવ્યા અને તેમણે ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં દવા કરી અને બાદમાં તેમને માણસા હોસ્પિટલ ખસેડાયા હતા. બે દિવસ યોગ્ય દવાઓ કરવામાં આવી હતી આથી સંપૂર્ણ પરિસ્થિતિ કાબુમાં આવી હતી અને હાલ તેઓ પોતાના ઘરે આરામ કરી રહ્યા છે. બાહોશ બસ ચાલક મણીભાઈ ચૌધરીએ ચાલુ નોકરીએ કપરી પરિસ્થિતિમાં પણ અડગ રહી મુસાફરોના જીવ બચાવ્યા તે ખરેખર દાદ દેવા જેવી વાત છે અને 'સલામ' છે મણીભાઈને.